# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એક વધુ repeat ગઝલઃ

યાદની જે વાત છે,
એટલી તો યાદ છે!

જીંદગી નો સાર છે,
એ ઘણો ભંગાર છે!

એમની સૌ યાદમાં ,
એમનો પણ હાથ છે.

સાંજમાં ઘૂંટાય છે,
તે વિરહનો રાગ છે.

છાપરે છે ચાંદની,
તો ય કાળી રાત છે.

વાદળો છે ગાજતા,
યાદનો વરસાદ છે.

- જીતેન્દ્ર ભાવસાર

## પાથેય

# યાદોની સફર...

- રમેશ ઠક્કર

પહેલાં પવનમાં ક્યારે ન હતી આટલી મહેંક એવું આપણને તાદ્રશ્ય લાગે..વહેલી સવારે લટાર મારતાં લાગે કે પ્રકૃતિ પણ ગજબની યજમાન છે..એનાં પાંદડાઓ ઉપર જાણે કે ભલે પધાર્યા એવું લખેલું હોય એવું લાગે છે.. એ શિયાળા જેવા સુજ્ઞ મહેમાન માટે કેટલી બધી તૈયારી કરે છે !

ઘરના મોભી જેવા સુરજદાદા હવે ગુસ્સો દબાવી પ્રસંગને શોભાવતા કોઈ ઠરેલ વડિલ જેવા લાગે છે..આકાશી વાદળીઓ ઉત્સવ ઘેલી કન્યાઓની માફક આવી ચડે છે..પણ શિયાળો જયારે પુર્ણપણે ખીલી ઉઠશે ત્યારે ચોકકસ આવું જ હશે.."ભૂરું છે નભ સ્વચ્છ..સ્વચ્છ દીસતી એકેય નથી વાદળી.." શિયાળાની મજા જ કંઈક ઔર હોય છે એટલેજ એના આગમનનો પણ એક તૌર હોય છે..કૃષ્ણ ભગવાન જેવા નટખટ પણ એમ કહે કે 'ઋતુઓમાં હું શિયાળો છું' ત્યારે મારા તમારા જેવાનું તો શું ગજું?

અત્યારે શહેરોમાં તો આજુબાજુ એ.સી.અને એરકૂલરોનો એકસરખો ઘરઘરાટ બંધ થાય ત્યારે જ ઘણાને ખબર પડે છે કે બહાર આટલા મોટા મહેમાનનું આગમન થઈ ગયું છે..બાકી ગામડાઓમાં શિયાળાની વહેલી સવારે મૌનમય સમાધી જેવી શાંતિની ચાદર પથરાઈ જતી..કામલપુર જેવા નદીકાંઠાના ગામમાં તો પાણીનો પરકાયા પ્રવેશ થયો હોય એમ ગામની ધૂળ ભીનાશમય થઈ જતી.. અને એનો પ્રાસ બેસાડતી હોય એમ મંદીરની ઝાલરના ધ્વનિથી હવા પણ ભક્તિમય બની જતી..આજે પણ મહીસાગરના આરે મને મારી એ ગ્રામ્ય વિરાસતનો એહસાસ થતો રહે છે..

કોઈ વડિલના ખાંસવાનો સતત અવાજ થતો ત્યારે કહેવાતું કે 'આ વખતે વસાણું સાચવીને ખાજો.. 'હકિકતમાં આપણી ભૂખ શિયાળામાં જ સોળે કળાએ ખીલી ઉઠતી હોય છે..આપણું રૂધિરાભિસરણ અને એનો લય અગેઈન કલાપી કહે છે એમ જાણે આદમબદમ બોલતી ઝીણી સિતારી જેવો હોય છે..ક્ષણભંગુર જીવનની ખુશીઓની માફક ચમકચમક થતું ઝાકળ એ પણ એની રોનક છે..ટાઢ એ એનો સ્વભાવ છે..'ટાઢે પ્હોરે' જેવો શબ્દ એ પણ આપણી ભાષાની બ્યુટી છે..જેનો વાણીના ત્રણેય સ્તરે અલગઅલગ અર્થ છે...

કામલપુર ગામના પાદરે જયારે શિયાળો દસ્તક દેતો ત્યારે બનાસની સોડમાં ઢબુરાઈ ગયેલા માહોલમાં જાણે જીવનનો નવસંચાર થતો..શહેરી સડક ઉપર વહેલી સવારે જરૂરતવશ ચાલતાં મારાં ચરણ એ વૈભવ શોધતાં રહે છે..હર્ષદેવ માધવના કાવ્યસંગ્રહનું નામ છે " હાથ ફંફોસે આંધળા સુગંધને.." પગને પણ કયાં આંખો હોય છે ? શક્તિવર્ધક શિયાળો એ આસક્તિવર્ધક પણ બની જતો હોય છે...

# પુતિનનો યુદ્ધ ઉન્માદ ચરમસીમાએ

**તંત્રીસ્થાનેથી...**

શાંઘાઈ સહયોગ સંગઠનની સમરકંદ ખાતે મળેલ શિખર પરિષદ વખતે રશિયાના લડાયક નેતા પુતિનને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મીઠી ભાષામાં યુદ્ધ અટકાવવાની સલાહ આપી હતી. હવેનો આ સમય યુદ્ધનો યુગ નથી - એવી સલાહ સાથે સહમત થયા હોવાનો દેખાવ કરનારા પુતિને શેઠની શિખામણ ઝાંપા બહાર નીકળતાં જ ખંખેરી નાખી છે. એમને કોઈ પણ ભોગે રશિયાની સર્વોપરિતા સિદ્ધ કરવાની ચાનક ઊપડી છે. યુક્રેનની સેનાએ પશ્ચિમી દેશો અને નાટોના શસ્ત્ર સહયોગથી રશિયન સેના પાસેથી ઘણા પ્રદેશો પાછા મેળવવામાં અને રશિયન સેનાન ખુરદો બોલાવવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. લાંબા વખતથી ચાલતા આ યુદ્ધને નિર્ણાયક તબક્કે લઈ જઈ રશિયા પોતાનું નાક બચાવવા કૃતસંકલ્પ બલકે ઉતાવળિયું બની રહ્યું છે. એના સંખ્યાબંધ સૈન્ય કમાન્ડરો શહીદ થયા છે. યુક્રેન તો પચાસ હજાર રશિયન સૈનિકોને માર્યા હોવાનો દાવો કરે છે. દેખીતી રીતે પુતિન માટે આ પરિસ્થિતિ હવે પ્રતિષ્ઠાનો સવાલ બની રહી છે. એટલે એમણે ત્રણ લાખ રિઝર્વ્ડ સૈનિકોને મેદાનમાં ઉતારવાની જાહેરાત કરીને લડાઈને આખરી અંજામ આપવાનો નિર્ણય કર્યો છે. યુક્રેનના ચાર પ્રાંતોમાં રશિયન વસ્તી નોંધપાત્ર હોઈ ત્યાં લોકમત લેવડાવી એ પ્રદેશોને રશિયામાં ભેળવી દેવાનો પુતિનનો ઈરાદો યુક્રેનને આર્થિક રીતે પાંગળું બનાવી દેશે. આ ચાર પૈકીના બે વિસ્તારો પર તો રશિયન સેનાએ કબજો જમાવી જ દીધેલો છે. લોકમત પછી રશિયા પોતાની સાથે ભળવા માગતા વિસ્તારોની સુરક્ષા માટે અણુશસ્ત્રો શુદ્ધાં વાપરવાનો સુવાંગ અધિકાર મેળવી લેશે. પુતિને આવી ધમકી આપી જ દીધી છે. આમ વિશ્વ ત્રીજા વિશ્વયુદ્ધની કગાર પર આવીને ઊભું છે. આઠ વર્ષ પૂર્વે ક્રીમિયાને રશિયાએ પોતાના પ્રદેશ તરીકે જોડી દીધું હતું એ જ રીતે હવે તે ડોનેત્સ્ક, લુહાન્સ્ક, ખેરસન અને ઝાપોરિઝિયામાં લોકમત યોજી એમને રશિયાના જ અભિન્ન પ્રદેશો તરીકે સ્વીકૃતિ આપશે. નેવું હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર એટલે કે આખા પોર્ટુગલ અથવા આપણા પશ્ચિમ બંગાળ જેટલો પ્રદેશ ગુમાવે તો યુક્રેન સાવ જ પાંગળું બની જશે. યુક્રેન માટે જ નહીં, બલકે એને રશિયા સાથે ઝીંક ઝીલવામાં અત્યાર સુધી આર્થિક મદદ ઉપરાંત શસ્ત્રો પૂરા પાડનારા નાટો દેશો અને અમેરિકા માટે એ મોટી નામોશી બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. રશિયન પ્રજાને યુદ્ધ નથી જોઈતું. એને બળજબરી પૂર્વક યુદ્ધમાં ધકેલનાર પુતિન પ્રત્યે આમ નાગરિકથી લઈ ધનકુબેરો અને ઉચ્ચ અધિકારીઓને ભારે અણગમો છે. આથી પુતિને આવા ચુનંદા લોકોને રાતોરાત ગુમ કરી દીધા છે. કેટલાકને રીતસર મારી નાખવામાં આવ્યા છે. પુતિનના યુદ્ધ ઉન્માદ વિરુદ્ધ વિશ્વમત ઊભો થઈ ચૂક્યો છે. ભારત રશિયાનો મિત્રદેશ હોઈ એનો ખુલ્લો વિરોધ નથી કરી શકતું પરંતુ યુદ્ધ અને માનવ સંહારનો આડકતરો વિરોધ તો કરે જ છે. મોદીની શિખામણથી લઈ યુનાઈટેડ નેશન્સમાં ભારતીય પ્રવક્તા દ્વારા થતી રજૂઆત એનાં જ ઉદાહરણ છે. યુનાઈટેડ નેશન્સના મંચ પર ફ્રાંસ અને અમેરિકાએ ભારતના વડાપ્રધાનના યુદ્ધ વિરોધી વલણની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. પુતિન પોતે જ વહોલી જાળમાં એવા ફસાઈ ગયા છે કે હવે યુક્રેનના ચાર પ્રાંતોને ક્રીમિયાની જેમ રશિયા સાથે ભેળવી દેવા માટેની યોજના બનાવી રહ્યા છે. લોકમતના ઓઠા હેઠળ તેઓ રશિયાની સર્વોપરિતા અને યુદ્ધની અનિવાર્યતા સિદ્ધ કરવા માગે છે. ત્રણ લાખ સૈનિકોની ભરતીથી રશિયા ફરી પાછું અનેકગણી તાકાત સાથે યુક્રેન પર ત્રાટકશે, એટલું જ નહીં, જરૂર પડશે તો એના શસ્ત્ર ભંડારનાં સૌથી વધારે વિનાશક શસ્ત્રોનો પણ ઉપયોગ કરશે - એવી સ્પષ્ટ ધમકી પુતિન આપી ચૂક્યા છે. રિઝર્વ્ડ ફોર્સમાં પોતાને બળજબરી પૂર્વક ભરતી ન કરી દેવાય એ માટે ઘણા રશિયનો રશિયા છોડીને પાડોશી દેશો ભણી દોટ મૂકી રહ્યા છે. રશિયન નાગરિકો માટે આસપાસના જે દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી છે ત્યાંનાં એરપોર્ટો રશિયનોથી ઊભરાઈ રહ્યા છે. ટૂંકમાં પુતિન શાસનથી ત્રાસીને પ્રજા પોતે હિજરત કરી રહી છે. સરમુખત્યાર માટે એની સર્વોપરિતા ટકાવી રાખવી એ જ અંતિમ લક્ષ્ય હોય છે. રશિયાના પુતિન હોય કે ચીનના શી-જિન-પિંગ, એમને માટે પ્રજાહિત કરતાં સત્તા જ વધુ મહત્ત્વની બની રહે છે. આથી દેશના બંધારણમાં પણ તેઓ પોતાની અનુકૂળતા મુજબના ફેરફારો કરાવતા રહ્યા છે અને આજીવન પોતે જ શાસનસૂત્રો સંભાળતા રહે એવી વ્યવસ્થા ઊભી કરી છે. સોવિયેત રશિયાને છિન્નભિન્ન કરનારા પશ્ચિમી દેશો અને નાટો રાષ્ટ્રો હવે રશિયાને નબળું પાડવા માગે છે - એવા 'રાષ્ટ્રવાદ' અંચળા હેઠળ પુતિન એમની સેના ઉપરાંત પ્રજાને યુદ્ધની ભડભળતી જવાળામાં ધકેલી રહ્યા છે. અણુશસ્ત્રોની ધમકી આપીને તેઓએ અમેરિકા અને પશ્ચિમી રાષ્ટ્રોને પડકાર્યાં છે. આગામી દિવસોમાં પુતિન માટે એ બધા કેવી ટક્કર ઝીલે છે તે જોવું રસપ્રદ બની રહેશે.

# સ્મિતમાં વણી લેવાયેલ ઉદાસી....



**પમરાટ**
**મિત્તલ પટેલ**

રસ્તો ન મળે કદી તો..
રસ્તો બની જજો...
સાંત્વના મળે નહીં તો ....
ખુદની જ તાકાત બની જજો...
તરવરતા વહેણને કિનારા
વહેચાયેલા જ મળશે...!!
સંદર્ભ મળે નહીં તો....
સાદર્ભિક કારક બની જજો...

કેટલાંક માણસ હસમુખ લાગતાં હોય, સુખી સમૃદ્ધિ તેના મુખ પર છલકાતું લાગે, પણ "લાગતું" અને "હોવું" માં કેટલો ફરક હોય તે તે વ્યક્તિને જ ખબર હોય છે. તોરણ બારણે લટકતું જોઈએ એટલે તે ઘરે ઉત્સવ છે એવું માનીને ન ચાલી શકાય. તે ઘરમાં પ્રવેશીએ, અલગ અલગ ખંડની મુલાકાત લઈએ, ત્યારે જ ખબર પડે. અને ત્યાં વસતા જનની મનો લાગણીઓનો પરિચય થાય છે. આ ઉદાસીને સ્મિતમાં છુપાવીને ફરવાનો પ્રયાસ એ વધુને વધુ નિરાશામાં ખૂપવા જેવી વાત છે. દુઃખને દબાવવાથી કે છુપાવવાથી તેનાંથી દૂર નથી થઈ શકતાં. આજનાં સમયમાં એવું વિચારીએ રાખીએ કે કોઈ મારાં સ્મિત પાછળ રહેલ મનોવ્યથાને પારખીને મારાં ખભે હાથ મૂકી મને કહેશે કે "ચિંતા ન કર ,હું છું ને તારી સાથે".... તો એ ખોટી અપેક્ષાઓ છે. આજની ભાગદોડવાળી લાઈફ સ્ટાઈલમાં સમય પોતાનાં માટે જ વ્યક્તિ માંડ માંડ કાઢે છે, તો અન્ય વ્યક્તિને સાચવવામાં થાપ ખાઈ જ જવાનાં. પણ એનો મતલબ એવો નથી કે આપણે નિરાશાના સમયમાં સ્મિતને તીલાંજલિ આપવી. માત્ર કૃત્રિમ રમકડું બનીને જીવન વિતાવી ન દઈએ . પોતિકા મિત્રો મળે તો તેની આગળ કે એકલાં પણ દિલ ખોલીને રડી લો. પોતાની મનોવ્યથા કાગળ પર પણ ઉતારી દો. ભલે પછી ફાડીને ફેંકી દો. વ્યક્ત થઈ જાવ. તો જ હળવાશ અનુભવાશો. હળવા થઈને વધુ જીવંત બની શકશો. નવું કંઈક વિચારી શકશો. બાકી ફિલોસોફીની કંઈ કેટલીય પુસ્તકો વાંચ્યા કરવાથી કે મોટીવેશનલ સ્પીચ સાંભળ્યા કરવાથી પણ ખુશ નહીં જ રહી શકો. ખુદને મોટીવેટ કરવા પોતે જ પ્રયત્ન કરવા પડે. પોતાને જીવાડવા, જીવંત રાખવા પોતે જ પ્રયત્નો કરવા પડે. પોતાને ઉપર લઈ જવાં, જીવનમાં આગળ વધારવા, કોઈના પર આધાર રાખ્યાં વગર પોતે જ પોતાને મદદ કરવી પડે.

સાચાં અર્થમાં ખુશ રહેવા માટે હળવા થવું ખૂબ જ જરૂરી છે. જીવનમાં આવતા સંઘર્ષો, આજુબાજુની નકારાત્મકતા ,પોતિકા પ્રશ્નોથી માણસ માનસિક રીતે સતત છોલાતો રહે છે. તેને એટલો સમય પણ પોતાનાં માટે માંડ મળે છે કે આ ફ્રસ્ટ્રેશનમાંથી થોડો સમય રિલેક્સ થઈને ફરી રિફ્રેશ થઈ નવું જીવી શકે. એટલે સ્મિત કરતો પીડાને છુપાવીને સતત જીવતો રહે છે. પણ ક્યારેક "મી ટાઈમ" પોતાનાં માટે કાઢી થોડાંક કલાકો પોતાના વ્યક્તિ સાથે થોડાક કલાકો કાઢી ,ભડાશ કાઢી કા તો ઝઘડીને પણ હળવા થઈ લેવું જોઈએ .સારું સારું જ બોલવું, સારું સારું જ દેખાવું, સારું સારું જ બનવું, જરૂરી નથી હોતું દર વખતે. વ્યક્ત થવું જરૂરી છે. અંત્યંત જરૂરી છે.

સાચું જીવવું હોય તો જેવાં છો એવાં જ બનીને જીવો. પોતાનું સ્વત્વ જાળવી રાખો. કોકના માટે સારું બનવા પોતે પોતાનાં વર્તનમાં પરિવર્તન ન લાવો. હું સ્પષ્ટ વક્તા બનીશ તો આ લોકો મારાથી નાખુશ થશે. "જસ્ટ ડોન્ટ કેર ઓફ ધ ધેમ". પોતે જેવાં છો તેવા જ રહો. પોતે જેવાં છો એવા જ વર્તો. અને પોતે જેવાં છો એવાં જ દેખાવ. તો એકદમ હળવાશથી અને સાચી પ્રસન્નતાથી જિંદગી જીવી શકશો.

અનુસંધાન પાના નં. ૭ પર

# ચંદ્રંભદ્ર...હવે મુખ્ય રાજમાર્ગ પર...



**હમજ્યા મારા ભૈ !**
**ભાગ્યેશ જહા**

ચંદ્રંભદ્ર ત્રાડહીન અને પ્રાણહીન સિંહો વચ્ચે ઉભા છે એની ગૌરવગાથા ભવિષ્યમાં લોકો વાંચશે એવી આશાએ આ પ્રકરણો લખાઈ રહ્યા છે. મૌન તો મૌન પણ સિંહ વનનો રાજા છે અને એના પ્રત્યે જોઈએ એવું માન ના આપવા બદલ નીલગાયને સજા થવી જોઈએ એવી એક માંગણી પણ ઉઠી છે. જો કે નીલગાયના પરાક્રમો અને એની ગતિશીલ ભ્રમણરેખાથી આભુષિત છે કે આક્રોશિત છે તે નક્કી કરવાનું બાકી છે, પણ નીલગાયે જે ચેષ્ટા કરી તે ઘણાને ગમી નથી. આજે નીલગાય આવું કરે, આવતીકાલે કોઈ યુવાન અધિકારી નિવૃત્ત અધિકારીને ત્રાડહીન ગણીને અવિવેકી વર્તન કરે તો સીનીયર સીટીજન બની ગયેલા એ નાગરિકને ભારે ધક્કો પહોંચે.

અહીં જેને ઇંદ્રોડા સર્કલ કહેવામાં આવે છે તે ગાંધીનગરનું એક અનધિકૃત પ્રવેશદ્વાર છે, જો કે અહીં સ્વર્ગ કે નર્કના પ્રવેશદ્વારે હોય છે એવા ચિત્રગુપ્તની કોઇ વ્યવસ્થા નથી. સૌએ પોતપોતાના કર્મોની જવાબદારી લેવાની હોય છે. અચાનક જ ચંદ્રભદ્રને ત્રિવેણીસંગમ પર ઉભા હોઈએ એવી લાગણી થવા માંડી. એમણે નિરંજનને પૃચ્છા કરી. પહેલાં તો નિરંજનને ભૌગોલિક જવાબ આપવાનું મન થયું કે, 'અહીં માત્ર એક જ સાબરમતી નદી છે, બીજી કોઈ નદી નથી, તેથી ત્રિવેણી કહેવું પાયા વિહોણું અને વિરોધપક્ષોએ ચલાવેલું તૂત ગણાશે. પણ અચાનક જ નિરંજનને યાદ આવ્યું કે એ એક મહાપંડિત, સાક્ષર અને વિદ્વાન અવલોકનકારની સાથે એમના માર્ગદર્શક ચએટલે કે રસ્તો બતાવનાર એટલે કે જીપીએસ્ તરીકે આવ્યો છે, એથી ચંદ્રંભદ્રના આવા કાવ્યાત્મક કે તાત્ત્વિક પ્રતિભાવોથી હતપ્રભ કે ભાવુક ન બનતાં એમને સમજવા અથવા સમજાવવા પ્રયત્ન કરવો. લાંબી નોંકરીમાં એ જે ના શીખી શક્યો એ શીખવાની વાત હતી. પણ એને પુછ્યું, કેવી રીતે ત્રિવેણી ? એના જવાબમાં ત્રણેય તરફથી આવતાં વાહનો બતાવીને ચંદ્રંભદ્રે નિરંજનને ચ-રોડ, જ-રોડ અને ઘ-રોડ ચઝીરો રોડ્ બતાવ્યો. ચંદ્રંભદ્ર એકલા એકલા બોલતા સંભળાયા, "ઈશ્વરની લીલા અપાર છે, જ્યાં આટલી બધી નિર્ણયોની ગતિ હોય, જ્યાં સૌ સૌની પોતાની મતિ હોય, બધાની મથામણમાં પ્રગતિ હોય ત્યાં કોઈને કોઈ પ્રકારે ત્રિવેણી તો હોવાની જ... ઝીણી આંખે ઝીરો-સર્કલ જોઈ રહેલા અને અર્ધધ્યાનસ્થ થઈ ગયેલા ચંદ્રંભદ્રને કશુંક બોલવાની ઈચ્છા હોય એવું જણાઈ રહ્યું છે. ઝીરો સર્કલ વિશે ઘણા અજ્ઞાનીઓએ ભારે વાતો ફેલાવી છે. જેમ કે, આ પૂર્ણમદઃ પૂર્ણમિદં... વાળા મંત્રનું ઉદાહરણ છે, અહીં શૂન્યમાંથી આવેલા માણસો શૂન્ય થઈને પાછા ફરે છે. ઝીરો-સર્કલમાં જીરોનો મહિમા સમજીને આજે ચંદ્રંભદ્ર રોડ-રસ્તા પર દિવસ ગાળશે એવું અડધુંપડધું નક્કી થયું છે.

હવે, ચંદ્રંભદ્રનો આખો મોટરકાફલો જેમાં કુલ અઢી મોટરો છે તે હવે ચ-રોડ તરફ આગળ વધવા લાગ્યા છે. ચંદ્રંભદ્રને આ ખાડા વગરના રસ્તાઓમાં કેમ રસ પડ્યો તે સમજાતું નથી. કારણ એકવાર આ રસ્તા પર ઉભા રહી નિરંજન એમ બોલી ગયેલો કે આ ગુજરાતનો મુખ્ય રાજમાર્ગ કહેવાય. અહીંથી પસાર થનારનો ભાગ્યોદય થયાની અને અસ્તાચળ થયાની ઘટનાઓ જોઈ છે. ચંદ્રંભદ્રને આ કારણથી રસ પડ્યો હોવો જોઈએ. આ રસ્તા ઉપર હોર્ડીંગ્સનું બહુ મહત્ત્વ છે કારણકે આવનાર જનાર ચ વિશેષ કરીને દિલ્હીથી આવનાર જનાર, જે મોટેભાગે તો જ રોડ પર જતા-આવતા હોય છે, જોતા હોય છે. આ રસ્તા પર સચિવાલય અને એની સામે મોટો સ્વર્ણિમપાર્ક આવેલો છે. એવું કહેવાય છે કે એક વાર એક અન્ડર-સેક્રેટરી એના મદદનીશ ઉપર ગુસ્સે થઈને કહેલું કે 'આ ઑફિસ છે, બગીચો નથી' .. આ સાંભળી નગરનિયોજકની કચેરીના એક પ્લાનીંગ-ઑફિસરે ગાંધીનગરમાં ઠેર ઠેર બગીચાઓ રચ્યા છે. બગીચામાં બધું ખુબ જ તાજું હોય, તાજાં ફુલ હોય, રંગબેરંગી વાતાવરણ હોય, તાજી હવા હોય, ઝાડ નીચે પ્રેમી જોડકાં બેઠેલાં હોય... આટલી બધી સુંદરતા, શાંતિ અને તાજગીભરી હવા ભાગ્યે જ કોઈ કચેરીને પોસાય, એટલે પે'લા અન્ડર સેક્રેટરીની વાત સાચી જ હતી કે ઑફિસ એ સાવ અલગ જ ઉપગ્રહ છે, એને ગમે તેની સાથે સરખાવાય નહીં.

જો કે ચ-રોડ પર આવેલા સ્વર્ણિમપાર્કમાં ઘણા ધોરણ સચવાયેલાં હોય એવું ચંદ્રંભદ્રને લાગ્યું. જો કે બીજા કોઈપણ પાર્કમાં હોય એના કરતાં વાંદરાઓની સંખ્યા અહીં વધારે હોય છે. ઘણા ચોકીદારો પ્રેમી જોડકાંની વચ્ચે પડીને ઉઠાડી મુકતા હોય છે. ઘણીવાર એમને આવો પ્રેમ ચોરી છે એવું લાગતું હોય છે.પણ હજી સુધી કોઈએ એમને પુછ્યું નથી કે ક્યા જીઆર નીચે તેઓ આવી રીતે પ્રેમમાં ભંગ પાડી રહ્યા છે. જો કે ટોયલેટબ્લોક પુરતા પ્રમાણમાં અસ્વચ્છ હોવાથી 'ઓવરઑલ' ઈમ્પ્રેસન જળવાઈ રહે છે. હવે, આ પાર્ક છેક મહાત્મામંદિર સુધી લંબાવ્યો હોવાથી ગાંધીપ્રેરણાનો પ્રવાહ અસ્ખલિત વહેતો રહે છે. અને ગાંધીનગરને પોતાના ગાંધીપણા અંગે નાની મોટી ગૌરવઘટનાઓ સહન કરવી પડતી હોય છે.

એક તરફ સચિવાલય છે અને એની સામે ગાર્ડન છે, ગાર્ડનની બાજુમાં એટલે કે ગાર્ડન અને ફાયરબ્રિગેડની વચ્ચે સાહિત્ય અકાદમી આવેલી છે. આ નગરની રચનામાં ફાયરબ્રિગેડ અને સાહિત્યને જોડે જોડે રાખી સાહિત્યની સળગેલી આગ ઓલવી નાંખવાની શક્તિનો મહિમા સમજવા જેવો છે. સાહિત્ય અને આગ ઓલવવી બે એક જ સિક્કાની બે બાજુઓ છે એવી લોકવાયકા ચાલે છે.

ચંદ્રંભદ્ર જુનું સચિવાલય અને નવું સચિવાલય એવા બે મોટા સંકુલોનાં નામ સાંભળી ચંદ્રંભદ્ર બન્ને પરિસરની પ્રદક્ષિણા કરીને શોધવા પ્રયત્ન કર્યો કે આમાં નવું શું છે અને જુનું શું છે. ચંદ્રંભદ્ર પોતાની સમજવાની ક્ષમતાઓ અને મર્યાદાઓ સમજે છે તેને કારણે આ કેમ જુનું અને આ કેમ નવું એ અંગે કોઈ તુલનાત્મક કે ઐતિહાસિક કે પ્રશાસનિક અભ્યાસ કરવાનો કોઈ ઈરાદો રાખ્યો નથી. જો કે પોતે મુખ્ય રાજમાર્ગ પર ચાલી રહ્યા છે એના ગૌરવને કારણે પોતાને માટે ખુબ જ ગૌરવ અનુભવવા લાગ્યા હતા.

# 'એ હાલ્લો' ...!!!





**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

"આ નવરાત્રીમાં નવે નવ દિવસ વરસાદ પડશે ' અંબાલાલ એન્ડ કંપનીની આવી અવળવાણી ( ગરબાપ્રેમીઓ માટે તો અવળવાણી જ કહેવાય ને..!!! ) વાંચીને ગરબા લવર્સના હૈયામાં એય ને લાંબો ધ્રાસકો પડેલો જો કે બ્રેકિંગ ન્યૂઝ એવા છે કે આ નવરાત્રીમાં વરસાદની શક્યતા ઓછી છે..!!! હાસસસસ..!!!! આ હાશકારો એટલા માટે કે કાળમુખા કોરોનાને લીધે બબ્બે વરહથી ગરબા પર પગ થરક્યા નથી.. બબ્બે વરહથી એય ને હીંચ.. ત્રણ તાલી.. જેવા સ્ટેપ્સ લીધા નથી ને એમાં પાછો આ વરસાદી રાઉન્ડ..??? ગુજરાતનો પોતીકો અને દુનિયાભરમાં જાણીતો નવરાત્રી ઉત્સવ ઓલમોસ્ટ બે વર્ષ પછી ઉજવવા મળવાનો છે ત્યારે એક વાત લખી રાખજો કે ખેલૈયાઓ કાઈ વરસાદ-બરસાદથી બીવે નહીં.. હમજ્યાં..!!! સોશિયલ મીડિયામાં વાયરલ મેમે મુજબ ખેલૈયાઓએ ઓણ તો રેઈનકોટ પહેરીને પણ ગરબા લેવાની તૈયારી કરી જ લીધી છે..!!!! ચાહે લાખ તુફા આયે કે ધોધમાર વરસાદ આવે પણ આ વરહે આપણે ગરબા રમવાના રમવાના ને રમવાના જ.. !!!. .શું કિયો છો.....?

ગુજરાતીમાં ગરબો અને ગરબામાં ગુજરાતી ના મળે એવું તો મુશ્કિલ હી નહીં મગર નામુમકીન હે..!!! આ લેખ વાંચતાં હશો એના એક દિવસ પછીથી ' એ હાલ્લો ' ના પડઘાઓ ચાચરચોકમા પડઘાઈ રહ્યા હશે. રંગબેરંગી ચણીયા-ચોળી, કુર્તા...મ્યુઝીક ( એ પણ ટ્રેડીશનલ )..ડેકોર... સાથે થતી ગરબાની ધડબડાટી...સંગીતનો જલસો....અને જગતના સૌથી લાંબા નાઈન નાઈટ લોંગ ડાન્સિંગ ફેસ્ટીવલની ઉજવણી શરૂ થઈ ચૂકી હશે. આખુંયે ગુજરાત ઉત્સુક્તાથી નવરાત્રિની રાહ જોઈ રહ્યું છે ત્યારે ફોરિનવાળાઓ એ તો ઓલરેડી ગરબા રમવાનું શરૂ પણ કરી દીધું છે. જી હા, અમેરિકા હોય કે યુકે.. દુબઈ હોય કે સિંગાપોર ગુજરાતનો ગરબો દુનિયાભરમાં પહોંચી ગયો છે. દેશની જ વાત લો તો જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં પ્રસંગ ચાહે કોઈપણ હોય કે પ્રદેશ ચાહે કોઈપણ હોય પણ ગરબા અચૂક થવાના થવાના ને થવાના જ. અરે ઈન્ફેકટ પંજાબમાં વસતા ગુજરાતી પરિવારને ત્યાં પ્રસંગમાં પંજાબીઓ પણ હોંશે હોંશે ગરબા લેતા થઈ ગયા છે અને એ જ રીતે બીજા પ્રદેશોમાં પણ. વાત ખાલી પ્રદેશો કે દેશોની નથી પણ ટીવી સિરિયલોમાં આમ પણ ગુજરાતી પરિવારોનો દબદબો છે એટલે સ્વાભાવિક છે કે ગરબા તો હોવાના જ..!!! 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' માં દયાભાભીએ ભલેને હજુ કમબેક ના કર્યું હોય પણ એની યાદમાં ગોકુલધામવાસીઓ ગરબા લેવાનું નથી ચુકતા..!!!

સંસ્કૃતિના સો કોલ્ડ રખેવાળો નવરાત્રીમાં ફેલાતા દૂષણો ઉપર નાકનું ટીચકું ચડાવીને સોશિયલ મીડિયાના ઓટલે ધુમાડા કાઢી રહ્યા હશે તો એને તો એટલું જ કહેવાનું કે ગરબો બોલે તો નવરાત્રી એટલે નૃત્ય, સંસ્કૃતિ, સંગીત અને આધ્યાત્મનો મસ્ત મજાનો મેળાવડો છે કે જેમાં દરેકને એમના મુજબનો આનંદ મળે છે.. ઉત્સાહ અનુભવાય છે.. ખુશી છે. યંગ જનરેશન માટે હરવા ફરવાની સાથે માતાજીના ગરબા ગાવાનો આનંદ છે તો વયસ્કો માટે એ ભક્તિ પણ છે. અને આમાંથી કશું જ ના કરતાં માટે પણ ભાગદોડવાળી જિંદગીમાંથી આનંદની બે ચાર ક્ષણો માણવાનો પ્રસંગ તો છે જ કે નહીં..? એમ તો આગળ લખવાનું રહી ગયું પણ ગરબા રમવાના હેલ્થ બેનિફિટ પણ છે. ગરબાના માહોલમાં તમને એક પ્રકારનું રીલેકશેષન અનુભવવા મળશે. માર્ક કરજો કે ગમે એટલા ટેન્શનમાં હશો પણ જેવા તમે ગરબા રમશો કે ઈવન ગરબાના સ્થળે જશો તો પણ જીવને ઘણું સારું લાગશે..!!! અરે હું તો ત્યાં સુધી કહું છું કે ગવાતા ગરબાનો અવાજ કાને પડે તો પણ એક અલગ જ ફિલિંગ આવે. હવે આને માતાજીની કૃપા ગણો કે જે ગણો એ પણ આ હકીકત છે અને કદાચ એટલે જ ગરબા ચાહે વેસ્ટર્ન રીતે ગવાતા-લેવાતા હોય કે ટ્રેડિશનલ, પણ અંતરથી આનદ તો બંનેમાં આવે જ છે. આમ પણ સાયન્સમાં એ પ્રુવ થયેલું છે કે સંગીત અને નૃત્ય અકળાયેલા જીવને શાતા આપે છે જ્યારે આમાં તો આપણું ગમતું ગીત – સંગીત અને નૃત્ય છે તો પછી એમાં તો ' હા મોજ હા ' જ હોય ને..!!!

જમાના મુજબ હું ને તમે બદલાતા હોઈએ તો ઉત્સવો ના બદલાય ? મોડર્ન ગરબા કે પાર્ટી પ્લોટો કે ' તેરી ઝલક અસરફી ' જેવા ગીતો પર ગરબા રમાશે એ પણ બદલાવ જ છે પણ એક વાત સમજી લો કે ' પુષ્પા ' ની સાથે સાથે ' એક પાટણ શેરની નાર પદમણી ' પણ એટલા જ જોશથી વાંગવાનું અને એના પર પણ એટલા જ આનંદથી ગરબા થવાના. મૂળ હેતુ છે શક્તિની આરાધનાની સાથે સાથે ઉત્સવની ઉજવણી...!!! કાઈ બધે ' શ્રીવલ્લી શ્રીવલ્લી ' કે ' કેસરિયા તેરા ઈશ્ક પિયા ' નથી ગવાવાનું પણ અમદાવાદ-વડોદરા જેવા મોટા શહેરોના અનેક પ્રાઈવેટ ગરબા આયોજકો, શેરી ગરબાઓથી લઈને ગામડામાં પણ શુધ્ધ દેશી – ગુજરાતી ગરબાઓ ગવાય જ છે અને એમાયે આ વખતે તો બે બે વરહનો વિરહ ભેગો થયો છે એવામાં મનભરીને લોકો નવરાત્રી ઉજવવાના એ નક્કી છે અને એની તૈયારીઓ શરૂ થઈ પણ ગઈ જ છે. સી, કોરોના તો હવે ઓલમોસ્ટ બાય-બાય ટા-ટા થઈ ગયો છે એટલે એ બીક તો નથી રહી એમ છતાં પણ લગભગ ગરબા સ્થળે કોરોના પ્રોટોકલ તો રાખશે જ એટલું જ નહીં પણ ઘણા ગરબા આયોજકોએ કોરોના રસીના બે ડોઝના સર્ટિફિકેટ દેખાડ્યા પછી જ પાસ આપ્યા છે. છેલ્લા ચારેક વર્ષથી શેરી ગરબાનો ટ્રેન્ડ વધ્યો છે એ જોતાં સોસાયટીમાં કે ફલેટના પાર્કિંગમાં યોજાતા ગરબાઓ ફરી ઈનથિંગ રહેવાના તો સામે છેડે પ્રાઈવેટ ગરબા આયોજકોએ સંભવિત ધસારાને પહોંચી વળવા પાર્કિંગ-પાસ સહિતની તૈયારીઓ કરી લીધી છે અને ખેલૈયાઓએ ચણિયા-ચોળીઓ અને કેડિયા-ચોરણીઓની..બાય ધ વે આ વખતે મોટી પાઘડીઓ અને ડિઝિટલ ડિઝાઈનવાળી અને એલઈડી વાળી ચણિયા -ચોળી ઈનથિંગ છે !!!!!

વાંકદેખાઓ નવરાત્રિના વ્યાપારિકરણ કે એની સામાજિક આડઅસરો પર ગંદર્ભગાન કરતાં હોય તો એને એટલું જ ફટકારવાનું કે આ બધુ નજરઅંદાજ કરો તો પણ ઉત્સાહ-ઉમંગ-ખુશીનો નફો લોકોને મળે છે કે નહીં..?? તો પછી ? અને આમ પણ દરેક તહેવારો જમાના મુજબ આધુનિક થાય જ અને એમાં સારું-નરસું બધુ ભળે જ પણ નવરાત્રિનો મૂળ હેતુ શક્તિની ભક્તિ હજુ જળવાય રહ્યો છે એ હકીકત છે. મોડર્ન બીટ પર પણ ગરબો તો ' મા પાવા તે ગઢ થી ઉતર્યા ' જ ગવાય છે. મૂળે ઉત્સવોનો હેતુ આનંદ અને ઉલ્લાસનો છે અને નવરાત્રી એમાં શિરમોર છે કેમકે એક તો આ તહેવાર એક-બે દિવસ નહીં પણ નવ દિવસ અને શરદપૂનમને પણ ગણો તો ૧૦ દિવસ જેટલો લાંબો ચાલે છે બીજું કે આમાં સંગીત-નૃત્યની એવી જમાવટ છે કે જેમાં લોકો રોજબરોજની સમસ્યાઓ ટેમ્પરરી ભુલી જાય છે જે જીવવા માટે બહુ જરૂરી પણ છે જ અને એમાયે નવરાત્રી આમ જોવા જાવ તો દિવાળીના દેદીપ્યમાન તહેવારની પ્રી-ઈવેન્ટ કહેવાય. નવરાત્રીથી શરૂ થતો પ્રકાશ-સંગીત અને નૃત્યનો માહોલ દિવાળીના દિવસોના ઉત્સાહ અને ઉમંગનો કર્ટન કોલ કહી શકાય. કોઈને જે કહેવું હોય.. માનવું હોય કે બોલવું હોય તે બોલે પણ હકીકત એ છે કે નવરાત્રિનો આ ઉત્સવ ભક્તિની સાથે સાથે આધ્યાત્મ પણ છે.. આનંદ પણ છે.. અને ખાસ તો ટફ લાઈફમાં આવતી અને જિંદગીના પડકારોને જીલવા માટે બહુ જરૂરી એવી હેપ્પી મોમેન્ટ્સ પણ છે..!!!!

**વિસામો :**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બહુ દૂર નથી એટલે આ નવરાત્રીમાં ગરબામાં ટપકી પડતાં કે ખેલૈયાઓ સાથે ગરબા લેતા નેતાઓ આ વખતનું વધારાનું આકર્ષણ બની રહેવાના..!!!! બોલ અંબે માત કી જય..!!!

-akurjt@gmail.com